# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-12-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભૂકપના આંચકા

**આજે કચ્છમાં વહેલી સવારે ભૂકંપના આંચકાઓથી વાગડની ધરા ધ્રુજી ઉઠી હતી. વહેલી સવારે સાડા ચાર વાગ્યે 4.6ની તિવ્રતાનો આંચકો આવતા નિંદ્રાધિન લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આ આંચકાનું કેન્દ્રબિંદૂ રાપરથી 22 કિલોમીટર દૂર નોંધાયું હતું. ફરી પાછું સવારે 9 વાગીને બે મિનિટે 2.5ની તિવ્રતાનો અને સવારે 11 વાગીને 19 મિનિટે 3ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો રાપર નજીક નોંધાયું હતું. આજે વહેલી સવારથી બપોર સુધીમાં હળવા 8 કંપનો વાગડમાં નોંધાયા હતા. સવારે સાડા ચાર વાગ્યે આવેલા ભૂકંપના આંચકાથી મકાનમાં રહેલા વાસણો, પતરા અને નળીયા ધણધણી ઉઠ્યા હોવાનું ખેંગારપરથી સમાચાર મિત્ર મહાદેવભાઇ આહિરે જણાવ્યું હતું.**

**------------------------------------------------------------------------------------**

## ધોળાવીરા ફેસ્ટીવલ

**ઐતિહાસિક હડપ્પન સંસ્કૃતિના કેન્દ્ર ધોળાવીરામાં આગામી ૧૦ જાન્યુઆરીના રોજ 'ક્રાફ્ટ ઓફ આર્ટ' દ્વારા ધોળાવીરા ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા પેઢીને સંગીત અને કલાના માધ્યમથી વારસા સાથે જોડવાનો છે. ક્રાફ્ટ ઓફ આર્ટ સંસ્થાના સ્થાપક બિરવા કુરેશીએ જણાવ્યું કે, આ ફેસ્ટિવલ પ્રવાસીઓ માટે હડપ્પન ઇતિહાસ અને વિશ્વ કક્ષાના સંગીતનો અનોખો સંગમ બની રહેશે. ફેસ્ટિવલમાં દિગ્ગજ કલાકારો પોતાની પ્રસ્તુતિ રજૂ કરશે.**

**(બાઇટ : બિરવા કુરેશી)**

---

## મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં રક્તદાન

ભુજ જી.કે. જનરલ હોસ્પિટલમાં લોહીની અછત નિવારવા મુંદરા પોલીસ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે મેગા રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. મુંદરા પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં યોજાયેલા આ કેમ્પમાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લેતા **340** યુનિટ રક્ત એકત્ર થયું હતું. આ પ્રસંગે **IPS** ગૌતમ વિવેકાનંદ અને પોલીસ અધિકારીઓએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ સામાજિક સંસ્થાઓ, અદાણી હોસ્પિટલ અને સ્થાનિક વેપારી મંડળોએ વિશેષ સહયોગ પૂરો પાડ્યો હતો.

---

## માંડવી બીચ ફેસ્ટિવલ

માંડવી ખાતે ગુજરાત ટુરિઝમ વિભાગ દ્વારા આયોજિત “બીચ ફેસ્ટિવલ” હાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગઇકાલે નાતાલની રાત્રે માંડવીના સમુદ્ર કિનારે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. ઝગમગતી લેઝર લાઈટ્સ અને દરિયાના મોજાંના સંગીત વચ્ચે પ્રવાસીઓએ ઉત્સવનો ભરપૂર આનંદ માણ્યો હતો. ખાણી-પીણીના સ્ટોલ્સ અને એડવેન્ચર સ્પોર્ટ્સમાં પણ પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેના કારણે સ્થાનિક વેપારીઓમાં પણ ખુશીની લહેર જોવા મળી રહી છે. દરિયાકિનારે હજારોની ભીડ હોવા છતાં તેને સ્વચ્છ રાખવા માટે ટુરિઝમ વિભાગે વિશેષ તકેદારી રાખી છે. જેથી પ્રવાસીઓને ‘ક્લીન બીચ’નો અનુભવ મળી શકે.

---

## ટીબીના દર્દીઓને કિટ વિતરણ

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની **100**મી જન્મજયંતી સુશાસન દિવસ નિમિત્તે **92** ટકાથી વધુ ક્ષયરોગગ્રસ્તોને **100** પોષણ કિટનું વિતરણ કરાયું હતું. સાંસદ વિનોદભાઈ ચાવડાએ ટીબીને વૈશ્વિક સમસ્યા ગણાવી હતી અને કહ્યું કે ભારત સરકાર દ્વારા કોમ્યુનિટી

**સપોર્ટ ટુ ટીબી પેશન્ટ પહેલ શરૂ કરાઈ હોવાનું તથા જિલ્લા ક્ષય અધિકારી દ્વારા સારવાર લેતા ટીબીના દર્દીઓની સારવાર માટે માર્ગદર્શન મળતું હોવાનું જણાવી સ્વૈચ્છિક સંસ્થાઓ, સંગઠનો, સામાજિક કાર્યકરોને સહકાર આપવા અપીલ કરી હતી.**

**-------------------------------------------------------------------------------------**

## લખપતમાં પ્રવાસી ઉમટ્યા

**કચ્છના પશ્ચિમ છેવાડે આવેલું લખપત હાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. નાતાલની રજાઓના લીધે છેલ્લા બે દિવસથી મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડતા સરહદી વિસ્તારમાં ભારે ચહલ-પહલ જોવા મળી હતી. પ્રવાસીઓએ લખપતના કિલ્લા પરથી સફેદ અફાટ રણ અને દરિયાઈ ખાડીના સંગમનો અદભૂત નજારો માણ્યો હતો. છેવાડાના આ સ્થળે પર્યટન વધતા સ્થાનિક રોજગારીમાં પણ વધારો થવાની આશા છે.**

**-------------------------------------------------------------------------------------**

## હવામાન

**કચ્છમાં ઠંડી હવે ધીમે ધીમે પકડ જમાવી રહી છે. નલિયા 9.5 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું છે. ભુજમાં 14.1 ડિગ્રી અને કંડલામાં 15.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ઉત્તર ભારતના પહાડી વીસ્તારો અને કાશ્મીરમાં થઇ રહેલી હિમવર્ષા પગલે ફૂંકાતા બર્ફીલા પવનોને કારણે છેલ્લા કેટલાક દિવસોથી કચ્છના તાપમાનમાં સતત ઘટાડો નોંધાઇ રહ્યો છે.**

**-------------------------------------------------------------------------------------**